ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

## અખબારયાદી

Date : 08th March, 2019

પ્રતિ,

તંત્રી શ્રી,

.............................................................................,

ભાવનગર.

લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે સ્વબચાવ માટેની તાલીમનું આયોજન કરાયું.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા અને લોકોને વિજ્ઞાન પ્રત્યે ઉજાગર કરવાના હેતુથી છેલ્લા ૧૭ વર્ષથી ભાવનગર જીલ્લાની વિવિધ શાળાઓ, કોલેજોમાં વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવે છે.

ભારત દેશ આવો દેશ છે જ્યાં નારી શક્તિને પૂજનીય માનવામાં આવે છે. મહિલાઓ દરેક ક્ષેત્રમાં પુરુષ સમોવડી છે, એ હવે સાબિત કરવાની જરૂર નથી. આપણે જોઈ શકીએ છીએ કે દરેક ક્ષેત્રમાં મહિલાનું સ્થાન ધીરે ધીરે આગળ વધી રહ્યું છે. પરંતુ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવા પાછળ અનેક સામાજિક કારણો જવાબદાર છે. કારણકે સ્ત્રીની સુરક્ષાએ દેશની સંસ્કૃતિની સુરક્ષા છે. આથી વિદ્યાર્થી અવસ્થાથી જ તે સક્ષમ બની શકે અને પોતાનો સ્વબચાવ કરી શકે એવા હેતુથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ન.ચ. ગાંધી કુમારી વિદ્યામંદિર, ક્રેસન્ટ ચોક, ભાવનગર ખાતે શાળાની વિદ્યાર્થીનીઓ માટે સ્વબચાવની જુદી જુદી પદ્ધતિઓ શીખવવામાં આવી હતી. તજજ્ઞ શ્રી વિનોદભાઈ મલાણી (કરાટે શિક્ષક) દ્વારા વિદ્યાર્થીનીઓને કોઈ પણ જગ્યાએ પોતાની આંતરિક વિચાર શક્તિ દ્વારા પોતાનો સ્વબચાવ કઈ રીતે કરી શકાય, મુશ્કેલ પરિસ્થિતિમાં ધીરજ રાખીને બીજાની અને પોતાની મદદ કઈ રીતે કરી શકાય તથા જાપાનીઝ ભાષામાં બોલાતા શબ્દો બચાવ સમયે કઇ રીતે ઉપયોગમાં લઇ શકાય તેના વિષે માહિતી આપી હતી. તથા જુદા જુદા પ્રકારની પદ્ધતિઓ દ્વારા ઉત્પન્ન થતી પરિસ્થિતિઓને અનુલક્ષીને વિદ્યાર્થીનીઓ કઈ રીતે સામનો કરી શકે તે શીખવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ન.ચ. ગાંધી કુમારી વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ તથા તેમના શિક્ષકો તથા આચાર્ય શ્રી સહીત ૧૫૩ લોકોએ લાભ લીધો હતો.

8-03-19

(હર્ષદ જોષી),
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.

D:\2018-19\All Letter and Press Note 2018-19 \Press of KRCSC FL 2018-19